**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

12120

3rd December, 2019

**Shri M.Thennarasan, IAS**
Vice Chairman & Managing Director
Gujarat Industrial Development Corporation (GIDC)
Block 4, 2nd floor, Udyog Bhawan, Sector-11,
Gandhinagar-382011

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

Sir,

**Sub: Gentle Reminder to take immediate necessary action against the GIDC officers working against industrial growth and development**

**Ref: 1. Our letter no. 12005 dated 5-11-2019 sent to Hon'ble Chief Minister with a copy to you**

**2. Reminder letter no. 12074 dated 25-11-2019 sent to Hon'ble Chief Minister with copy to you**

Greetings from Gujarat Chamber of Commerce and Industry.

We would like to draw your kind attention to the aforementioned letters sent by us, where we had requested action to be taken against 3 GIDC officers who are working against the spirit of "Ease of Doing Business" and are having a negative approach towards resolving the issues of industry in the larger interest of economic growth.

Sir, the matter has been brought to your kind notice periodically both by GCCI and FIA, but unfortunately no action has been taken in the matter as yet. The copies of the letters sent by us are attached herewith for your ready reference.

This is a serious issue adversely affecting the interests of industries of Gujarat and also defeating the purpose and objective of GIDC of promoting and encouraging growth and development of the state's industries.

We therefore request your urgent intervention in the matter in the larger interest of industries of the State. Also, we would like to discuss about the matter during the meeting scheduled with your goodself tomorrow at your office and therefore request that the matter may please be included in the meeting agenda for discussion.

With Regards,

Sincerely,

**Tanmay Mehta**
**Secretary General**

**Encl : as above**

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

12074

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

૨૫ નવેમ્બર, ૨૦૧૯

**શ્રી વિજયભાઈ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય : વેપાર-ઉદ્યોગને અવરોધરુપ થતાં અધિકારીની બદલી બાબત.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

ઉપરોક્ત વિષય સંદર્ભે FIA તથા અન્ય એસોસીયેશનો તરફથી અમોને મળેલ રજૂઆત મુજબ GCCI તરફથી આપશ્રીને તા.૫ નવેમ્બર, ૨૦૧૯ના રોજ પત્રથી ધ્યાન દોરવામાં આવ્યું હતું, જેની નકલો આ સાથે ફરીથી આપશ્રીની જાણ સારુ બિડાણ કરીએ છીએ.

પત્રમાં જણાવ્યા મુજબ વિવિધ ઔદ્યોગિક વસાહતો તરફથી નીચે મુજબના જી.આઇ.ડી.સી.ના ત્રણ અધિકારીશ્રીઓને તાત્કાલિક ધોરણે વહીવટમાંથી દૂર કરવા રજૂઆત મળેલ છે.

૧. શ્રીમતી રૂચિબેન પટેલ, જનરલ મેનેજરશ્રી
૨. શ્રીમતી મનિષાબેન વિષણા, મેનેજરશ્રી (પોસ્ટ એલોટમેન્ટ)
૩. શ્રીમતી કૃતિબેન મણિયાર, મેનેજર (મહેકમ)

આ અધિકારીઓ સામે જો તાત્કાલિક પગલાં લેવામાં નહી આવે તો રાજ્યના આર્થિક વિકાસમાં ગંભીર નુકશાન થઇ શકે છે અને જે રાજ્ય સરકારની "Ease of Doing Business"ની શાખને અસર પાડશે અને ભવિષ્યમાં રાજ્યમાં આવનાર ઔદ્યોગિક રોકાણ ઉપર પણ ગંભીર અસર પડશે.

આથી આપશ્રીને આ વિષય ઘણો ગંભીર હોવાના કારણે તાત્કાલિક ધોરણે જરૂરી સૂચના આપી યોગ્ય પગલાં લેવા નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**
૧. શ્રી બલવંતસિંહ રાજપુત, ચેરમેન, જી.આઇ.ડી.સી, ગાંધીનગર.
૨. શ્રી એમ. થેન્નારાસન, ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, જી.આઇ.ડી.સી., ગાંધીનગર.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org www.gujaratchamber.org

12005


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


૫ નવેમ્બર, ૨૦૧૯

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય : જી.આઇ.ડી.સી. નિગમના કાર્યમાં અવરોધરૂપ થતાં અધિકારીની બદલી બાબત.**

**સંદર્ભ : ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીયેશન્સ ઓફ ગુજરાતની કારોબારી સમિતિની બેઠકમાં સર્વાનુમતે થયેલ ઠરાવ બાબતે.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

નૂતન વર્ષાભિનંદન !

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રીને સાદર વિદત કરવાનું કે, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીયેશન્સ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના બીઝનેસ એસોસીયેશન મેમ્બર છે.

FIA દ્વારા તા. ૨૩-૧૦-૨૦૧૯ના આપશ્રીને સંબોધીને લખાયેલ પત્રમાં જણાવ્યા મુજબ તેઓએ તા. ૧૯-૧૦-૨૦૧૯ના રોજ કારોબારી સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં મિટિંગ રાખેલ હતી અને ઉપરોક્ત મિટિંગમાં જી.આઇ.ડી.સી. ને સંલગ્ન પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી જેમાં નીચે મુજબના જી.આઇ.ડી.સી.ના અધિકારીઓને ઔદ્યોગિક વહીવટમાંથી દૂર કરવા અંગેની અરજ કરેલ છે.

૧. શ્રીમતી રૂચિબેન પટેલ, જનરલ મેનેજરશ્રી
૨. શ્રીમતી મનિષાબેન વિષણા, મેનેજરશ્રી (પોસ્ટ એલોટમેન્ટ)
૩. શ્રીમતી કૃતિબેન મણિયાર, મેનેજર (મહેકમ)

ઉપરોક્ત વિષય સંદર્ભે FIA દ્વારા તેમના ઉપરોક્ત જણાવેલ ઠરાવની લેખિતમાં જાણકારી અમને આપેલી છે જેની નકલ આ સાથે બિડાણ કરીએ છીએ. જ્યારે ભારત સરકાર તથા ગુજરાત સરકાર "Ease of Doing Business" અંતર્ગત


Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

ઉદ્યોગને લગતી તમામ પોલીસીઓ તથા પ્રોસેસીસમાં સરળતા લાવવાની કોશિશ કરી રહ્યા છે ત્યાં આવા અધિકારીઓની માનસિકતા ને કારણે રાજ્ય તથા દેશને ઘણું નુકશાન સહન કરવું પડે છે.

આ પત્ર સાથે આપશ્રીને ઉપરોક્ત વિષય સંદર્ભે તપાસ કરી જરૂરી પગલાં લેવા વિનંતી છે કે જેથી કરીને ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની ગતિને વિપરીત અસર થાય નહીં.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

દુર્ગેશ બુચ

*પ્રમુખ*

<u>નકલ રવાના :</u>

૧. શ્રી બલવંતસિંહ રાજપુત
ચેરમેન
જી.આઇ.ડી.સી.
ગાંધીનગર.

૨. શ્રી એમ. થેન્નારાસન સાહેબશ્રી
માનનીય ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી
જી.આઇ.ડી.સી., ઉદ્યોગ ભવન
ગાંધીનગર.

FIA
UNITED WE GROW

**President**
Prakash P. Varmora
Cell : 9328274705

**Hon. Secretary**
Ajit N. Shah
Cell : 9687677321
E-mail : ajitshah.fia@gmail.com

**Treasurer**
Bhavindra N. Taneja
Cell : 9099078152
E-mail : btaneja12@yahoo.com


એફઆઈએ/૧૯-૨૧/૦૦૧૬૦ તા.૨૩/૧૦/૨૦૧૯

પ્રતિ,
શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબશ્રી,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
ત્રીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૧,
ન્યુ સચિવાલય, ગાંધીનગર.

<u>વિષય:ફેડરેશનની કારોબારી સમિતિની બેઠકમાં સર્વાનુમતે થયેલ ઠરાવ અંગે.</u>

માનનીય મહોદયશ્રી

આપશ્રી કુશળ હશો. જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રીને સાદર વિદિત કરવાનું કે, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન્સ એ ગુજરાત રાજ્યમાં આવેલ ૨૦૮ જીઆઈડીસી ઔદ્યોગિક વસાહતોનું સરકારશ્રીમાં સંલગ્ન વિભાગોમાં ઉદ્યોગકારોના પ્રશ્નોને વાચા આપતું એક MSME સંગઠન છે.. ફેડરેશન એ ઉદ્યોગકારોના પ્રશ્નોના નિવારણ લાવવાનો જ મુખ્ય ઉદ્દેશ્ય ધરાવે છે. આ સંદર્ભે ઉદ્યોગકારો અવારનવાર ઉદ્યોગ ભવનની મુલાકાત લઈ તેમની વ્યાપાર વિષયક મૌખિક તથા લેખિત રજૂઆતો ધ્વારા જે તે અધિકારીશ્રીઓને અવગત કરતા હોય છે. પરંતુ, અમોને આ જ સંદર્ભે છેલ્લા ઘણા સમયથી જે તે ઉદ્યોગકારમિત્રોની તેમની વ્યાપાર વિષયક પ્રશ્નોને લઈને ફરિયાદ મળેલ છે જે મુજબ ઉદ્યોગભવનમાં કાર્ય કરતા અધિકારીશ્રીઓમાં અમુક અધિકારીશ્રીઓ ગુજરાતના ઔદ્યોગિક વિકાસની ધુરી સમાન MSME ઉદ્યોગોના પ્રશ્નોના નિવારણ લાવવા માટે ઉદાસીન છે જે અંગે આપશ્રી સાહબને વિશેષમાં નોંધ લેવા સમગ્ર ઉદ્યોગજગત વતી આપશ્રીને નિવેદન છે. જે અધિકારીશ્રીઓ ઉદ્યોગજગતના પ્રશ્નોના નિવારણ લાવવામાં ઉદાસીન છે, તેમની વિગતો નીચે દર્શાવેલ છે. તેઓને ઔદ્યોગિક વહીવટમાંથી દૂર કરવા એવી સમગ્ર રાજ્યના ઉદ્યોગકારોમાં લાગણી પ્રવર્તે છે.

(૧) રૂચિબેન પટેલ, જનરલ મેનેજરશ્રી
(૨) મનિષાબેન વિષાણા, મેનેજરશ્રી (પોસ્ટ એલોટમેન્ટ)
(૩) કૃતિબેન મણિયાર, મેનેજર (મહેકમ)

**President**
Prakash P. Varmora
Cell : 9328274705

**Hon. Secretary**
Ajit N. Shah
Cell : 9687677321
E-mail : ajitshah.fia@gmail.com

**Treasurer**
Bhavindra N. Taneja
Cell : 9099078152
E-mail : btaneja12@yahoo.com

ફેડરેશનને આ ત્રણેય અધિકારીશ્રીઓની ખૂબ જ મોટા પ્રમાણમાં મળેલ ફરિયાદોને અનુલક્ષીને તા.૧૯/૧૦/૨૦૧૯ ના રોજ ફેડરેશનના ગાંધીનગર સ્થિત કાર્યાલય ખાતે મળેલ કારોબારી બેઠકમાં આ અધિકારીશ્રીઓને અન્ય વિભાગમાં બદલી કરવા અંગેનો ઠરાવ કરેલ છે જે આ પત્ર સાથે રાખેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(અજીત એન. શાહ)
માનદ્ મંત્રી

(મેહુલ સી. નાગર)
સી.ઈ.ઓ.

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ, ચેરમેનશ્રી, જીઆઈડીસી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
(૨) શ્રી એમ. થેન્નારાસન સાહેબશ્રી, માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
(૩) શ્રી દુર્ગેશભાઈ બુચ સાહેબ, પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, આશ્રમ રોડ, અમદાવાદ.
(૪) શ્રી શ્યામસુંદર શલુજા, પ્રમુખશ્રી, લઘુ ઉદ્યોગ ભારતી, અમદાવાદ.

<u>બિડાણ</u>: તા. ૧૯/૧૦/૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમિતિની બેઠકમાં થયેલ ઠરાવ.

Certified copy

FIA
UNITED WE GROW

President
Prakash P. Varmora
Cell : 9328274705

Hon. Secretary
Ajit N. Shah
Cell : 9687677321
E-mail : ajitshah.fia@gmail.com

Treasurer
Bhavindra N. Taneja
Cell : 9099078152
E-mail : btaneja12@yahoo.com

**ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન્સના નવનિયુક્ત કારોબારી સભ્યશ્રીઓની પ્રથમ બેઠક તા.૧૯/૧૦/૨૦૧૯ ના શનિવારના રોજ એફ.આઈ.એ. ભવન, ગાંધીનગર ખાતે પ્રમુખશ્રી પ્રકાશ પી. વરમોરાની અધ્યક્ષતામાં સર્વે કારોબારી સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં નીચેની કાર્યસુચિ પર વિચાર વિમર્શ તથા પરિણામલક્ષી કાર્ય માટે મળેલ.**

જીઆઈડીસીમાં છેલ્લા બે વર્ષથી જીઆઈડીસીની નીતિઓ બાબત ઉદ્યોગકારો પરેશાન છે. આ અંગે વખતોવખત રાજ્ય સરકારને રજૂઆતો કરલી છે. તેમજ આવા જીઆઈડીસીના અધિકારીઓના ઉદ્યોગ જગતના ઉદાસીન વર્તન અને પોતાની મનમાનીના કારણે માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉદ્યોગજગત પ્રત્યેની ઉદાર જાહેરાતોનો પણ બરાબર અમલ કરાવતા નથી. જેથી ઉદ્યોગજગતને સરકારશ્રી પ્રત્યે કંઈક અંશે નારાજગી ઉદ્દભવે છે.

અમારા ગુજરાતના ઉદ્યોગકારોનો સામાન્ય અનુભવ જીઆઈડીસી, ઉદ્યોગભવનમાં સેવા આપતા ત્રણ મહિલા અધિકારીશ્રીઓનો સારો રહ્યો નથી. તેમની ઉદ્યોગ વિરોધી માનસિકતા વખતોવખત દેખાઈ રહી છે. છેલ્લા બે વર્ષથી તેમની મંજૂરી માટે આવેલી ઘણી ફાઈલોની તપાસ થાય તો આ ઉદ્યોગ વિરોધી માનસિકતા જણાઈ આવશે.

આથી આ સાથે ઠરાવ કરવામાં આવે છે કે, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન ધ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રી, અગ્ર સચિવશ્રી (ઉદ્યોગ અને ખાણ), ચેરમેનશ્રી (જીઆઈડીસી) તથા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી (જીઆઈડીસી) ને આગ્રહભરી વિનંતી કરવી કે, ગુજરાતના ઉદ્યોગના વિશાળહિત માટે આ ત્રણેય અધિકારીશ્રીઓ (૧) રૂચિબેન પટેલ, જનરલ મેનેજરશ્રી (૨) મનિષાબેન વિષાણા, મેનેજરશ્રી (પોસ્ટ એલોટમેન્ટ) (૩) કૃતિબેન મણિયાર, મેનેજર (મહેકમ) ઉદ્યોગ વિરોધી માનસિકતા ધરાવતા હોવાને કારણે તાત્કાલિક ધોરણે ઔદ્યોગિક વહીવટથી દૂર કરવા. ઉદ્યોગકારોના કાર્યોમાં સમય નષ્ટ કરવો અથવા ઉદ્યોગ વિરોધી નીતિઓ ઘડવી કે મનગડત અર્થઘટન કરવું તેવી તેમની એક માનસિકતા છે. તો આ અંગે આવા અધિકારીઓને યોગ્ય નસ્યત કરવી એ ઉદ્યોગજગત માટે એક રાહતનુ પગલુ છે.

ઉપરોક્ત ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

certified copy
AJIT SHAH